# <u>મ્હે.શ્રી કાલાવડના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં</u>

**ફો. કેસ નં.૧૫૬૪/૨૦૨૨**
**આંક–૦૩**

ફરીયાદી :– શ્રી સરકાર
વિરુઘ્ધ
આરોપી :– સંતોષપરી હાકમપરી ગૌસ્વામી
રહે. દેવપુર, તા. કાલાવડ, જી. જામનગર.

**<u>ગુન્હો :– આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબ</u>**

## <u>ચુકાદો</u>

૧. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં. ૫ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપી સામે આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબનો ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ચાર્જશીટના આધારે આ કામના આરોપી ને કિ.પ્રો.કોડ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ પ્લી રેકર્ડ કરતા જેમાં આરોપી સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ ગુન્હો કબુલાત પુરશીશ રજુ કરેલ છે.તે ઘ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે,તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, પરંતં તેમણે આજ રોજ લોક અદાલત સમક્ષ તેમનો ગુન્હો કબુલ કરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>: હુકમ :</u>**

આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને આઈ.પી.સી. કલમ ૨૮૩ ના ગુનામાં દોષીત ઠરાવી **રૂ.૧૦૦/– (રૂપિયા એકસો પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરવામાં કસુર કરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૨ માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨–૧૧–૨૦૨૨
કાલાવડ.
સ્પે. સીટીંગ

(આર.કે.તંવર)
જયુડી.મેજી ફ.ક.કોર્ટ,કાલાવડ
GJ 01335

દંડ રજી. નં...............પો.બુક નં..............
થી રૂા.૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરા જમા લીધા.
તા.૧૨/૧૧/૨૦૨૨

નાઝીર